3. The results have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other recognised accounting practices and policies to the extent applicable.

For **Sarla Performance Fibers Limited**
Sd/-
Krishna M. Jhunjhunwala
Managing Director
DIN: 00097175

Place : Mumbai
Date : July 29, 2022

ગુજરાતમાં દારૂના કૌભાંડનો સૂત્રધાર વિનોદ સિંધી અને નાગદાનની આંગડિયા પેઢીથી કરોડો રૂપિયાની લેવડ-દેવડ

સ્ટેટ મોનિટરિંગ સેલે ગુજરાત-રાજસ્થાનના સૌથી મોટા સૌદાગરના રાજ ખોલ્યા, પૂરાવા પણ મેળવ્યા, નમકીનનો ધંધો કરતો વિનોદ સિંધી ધીમેધીમે દારૂના નેટવર્ક પર ડાયવર્ટ થઈ ગયો

અમદાવાદ, તા.૨૯

ગુજરાતને બદનામ કરનાર ગેરકાયદે દારૂનો વેપાર કઈ રીતે ચાલતો હતો. તેનું સમગ્ર નેટવર્ક સ્ટેટ મોનિટરિંગ સેલ(SMC)ના અધિકારીએ ખુલ્લું પાડી દીધું છે. આખા રેકેટમાં દારૂનું નેટવર્ક અને પૈસાનો હવાલો કઈ આંગડિયા પેઢીઓ મારફતે થતો હતો, તેના ટ્રાન્જેક્શન અને પૂરાવા વિજિલન્સે ભેગા કરી લીધા છે. પ્રથમ વખત બૂટલેગરોના આખા રેકેટની કડી સ્ટેટ મોનિટરિંગ સેલે મેળવી અને ગુજરાત અને રાજસ્થાનના સૌથી મોટા દારૂના ડીલર વિનોદ સિંધીના રાજ ખોલી નાખ્યા છે. વડોદરાનો વિનોદ સિંધી ગુજરાતમાં દારૂનો સોદાગર છે, તેના ટ્રાન્જેક્શન અને વૈજ્ઞાનિક પૂરાવા પણ હવે સ્ટેટ મોનિટરિંગે મેળવી લીધા છે.

ટેક્નોલોજી અને મેન્યુઅલ નેટવર્કથી બૂટલેગરો સક્રિય ગુજરાતમાં ઘણા વર્ષોથી તેનું નેટવર્ક કંટ્રોલ કરવા માટે પ્રયાસ થતો હોવાની વાતો થઈ રહી છે, પણ તે માત્ર પોલીસ ચોપડે છે અથવા કોઈ વ્યક્તિના મોઢે કહેવાયેલી વાતો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, બૂટલેગરો હાલ કરોડોના આસામી બની ગયા છે. તેઓ સમગ્ર નેટવર્ક ટેક્નોલોજી અને મેન્યુઅલ નેટવર્કથી ચલાવે છે. આ બધી વાતની જાણ પોલીસને હોય છે પણ કેટલાક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓના કારણે આખું પોલીસ ડિપાર્ટમેન્ટ બદનામ થાય છે.

એક સમયે નમકીનનો ધંધો કરતો વિનોદ સિંધી ધીમેધીમે દારૂના નેટવર્ક પર ડાયવર્ટ થઈ ગયો હતો. તેણે દારૂનો ધંધો પોતાની પાસે રાખવાને બદલે આખું નેટવર્ક અલગ કર્યું હતું. તે પોતે બધી જગ્યાએ પહોંચી નહીં શકે તેમ સમજીને પોતાના પાર્ટનરો બનાવ્યા હતા. જેઓને જવાબદારી સોંપવા અને અમદાવાદ હોય કે સુરત રાજકોટ હોય કે વડોદરા દરેક જગ્યાએ વિનોદ સિંધીનો જ દારૂ જાય તેવી આખી સિસ્ટમ ગોઠવી નાખી. વિનોદ સિંધી નો જ દારૂ જાય તેવી આખી સિસ્ટમ ગોઠવી નાખી છે.

એક સમયે લતીફ જે રીતે દારૂમાં ધંધામાંથી માફિયા બન્યો અને તેણે પોતાની ગેંગ બનાવી તે રીતે હવે વિનોદ સિંધી નાગદાન અને તેની સાથે જોડાયેલા દારૂની લાઇનના સોદાગરો જેમને કેટલાક પોલીસ ભ્રષ્ટ અધિકારીઓની પીઠબળ છે તેને પડદા પાસ કરવા માટે સ્ટેટ મોનિટિંગ સેલના અધિકારીઓ દ્વારા તમામ તપાસ કરીને આજે વિનોદ સિંધી નાગદાન અને તેના સાથીઓનીબેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવે છે જેમાં કરોડો રૂપિયા પડ્યા છે આ બધા દારૂમાંથી કમાયેલા રૂપિયા છે હવે પોલીસ તેમની પ્રોપર્ટી સીલ કરવા માટે પ્રયાસ કરી રહી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ અધિકારીના જણાવ્યા અનુસાર આરોપીઓ ભેગા મળી સુવ્યવસ્થિત બિઝનેસની જેમ દારૂનું નેટવર્ક ચલાવે છે.

૮૫ કરોડના કૌભાંડ મામલે વાલિયા ગણેશ સુગરના તત્કાલીન ચેરમેનને સભ્ય પદેથી હટાવાયા

ભરૂચઃ વટારીયા સુગરના ૮૫ કરોડના આર્થિક ઉચ્પતના મામલે વાલિયા ગણેશ સુગરના તત્કાલીન ચેરમેન અને કોંગી અગ્રણીને વ્યવસ્થાપક સમિતિના સભ્ય પદેથી દુર હુકમ કરવામાં આવતા સહકારી માળખામાં સન્નાટો છવાઈ ગયો છે. વાલિયા સ્થિત વટારીયા ગણેશ સુગર ફેકટરીના તત્કાલીન ચેરમને કોંગી આગેવાન સંદીપસિંહ માંગરોલાને રાજ્યના ખાંડ નિયમકે વ્યવસ્થાપક સમિતિના સભ્ય પદેથી દુર કરવાનો હુકમ કર્યો છે. તત્કાલીન ચેરમેન અને તત્કાલીન વ્યવસ્થાપક સમિતિના સભ્ય સુરજીતસિંહ સંદિપ માંગરોલાને ખાંડ નિયામક ગાંધીનગર બી.એમ.જોષી એમની સત્તાની રૂએ કલમ-76-બી1નો હુકમ કરતાં ભરૂચનાં સહકારી માળખામાં સન્નાટો ફેલાઈ ગયો છે. ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીનાં મેનેજમેન્ટ સામે સરકાર દ્વારા સંસ્થામાં થયેલ ૮૫ કરોડના ગેરવહીવટ તથા કૌભાંડમા સભાસદો અને સંસ્થાનાં ડીરેકટરો દ્વારા પુરાવા સહિતની રજૂઆત થઈ હતી.

સતત બીજા દિવસે રાજ્યમાં કોરોનાના નવા ૧૧૨૮ કેસ નોંધાયા, અમદાવાદમાં ૩નાં મોત

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં સતત બીજા દિવસે કોરોનાના 1100 ઉપર કેસ નોંધાવા પામ્યા છે. વિતેલા 24 કલાક દરમિયાન રાજ્યમાં કોરોનાના 1128 કેસ નોંધાયા છે. તો આજે ફરી એક વાર અમદાવાદમાં કોરોનાથી 3 મૃત્યુ નોંધાતા કોરોનાનો કુલ મૃત્યાંક 10968 થયો છે. છેલ્લા 24 કલાક દરમિયાનમાં કોરોનાના 902 દર્દીઓ સાજા થતા એક્ટીવ કેસનો આંક 6000ને પાર કરીને 6218 થયો છે. જેમાં 10 કોરોના દર્દીઓ વેન્ટિલેટર પર છે, જ્યારે 6208 દર્દીની હાલત સ્થિર છે.

વિતેલા 24 કલાકમાં નોંધાયેલા 1128 કોરોનાના કેસમાં અમદાવાદમાં 3 મહિના પછી 400 કેસ નોધાવા પામ્યા છે. ત્યારે વડોદરામાં 152, સુરતમાં 116, ગાંધીનગરમાં 86, મહેસાણામાં 79, રાજકોટમાં 51, કચ્છમાં 37, ભરૂચ અને વલસાડમાં 22-22, ભાવનગરમાં 19, અમરેલીમાં 16, નવસારી અને પાટણમાં 15-15, મોરબીમાં 14, જામનગર અને બનાસકાંઠામાં 12-12, આણંદ અને સાબરકાંઠામાં 10-10, અરવલ્લીમાં 7, પોરબંદર, સુરેન્દ્રનગર અને તાપીમાં 6-6, ગીર સોમનાથ અને પંચમહાલમાં 4-4, જૂનાગઢ, બોટાદ અને ખેડામાં 2-2 જ્યારે દાહોદમાં 1 કેસ નોંધાવા પામ્યો છે.

રાજ્યમાં હાલમાં 6219 એક્ટીવ કેસ છે જેમાં સૌથી વધુ જોઇએ તો અમદાવાદમાં 2186, વડોદરામાં 745, સુરતમાં 626, ગાંધીનગરમાં 426, મહેસાણામાં 432, રાજકોટમાં 347, ભાવનગરમાં 236, કચ્છમાં 155 અને પાટણમાં 147 કોરોના દર્દીઓનો સમાવેશ થાય છે. ગઇકાલથી આજ સુધીમાં 5,73,627 વ્યક્તિઓએ કોરોનાની રસી લેતા કોરોનાની રસી લેનારી કુલ વ્યક્તિઓની સંખ્યા 11.55 કરોડ થઈ છે.

ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

equitas SMALL FINANCE BANK LTD.

(અગાઉ ઈક્વિટાસ ફાઈનાન્સ તરીકે ઓળખાતી)

કોર્પોરેટ ઓફિસ : નં. ૭૬૯, સ્પેન્સર પ્લાઝા, ચોથે માળે, ફેઝ-૨, અન્ના સલાઈ, ચેન્નાઈ ટીએન - ૬૦૦૦૦૨

ફોન નં. ૦૪૪-૪૨૯૯૫૦૦૦,૦૪૪- ૪૨૯૯૫૦૫૦

કબજા નોટીસ

(રૂલ ૮(૧) અંતર્ગત સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનાર મે. ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ.ના અધિકૃત અધિકારીએ ધ સિક્યુરેટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨(૨૦૦૨ના ૫૪) અને ખંડ ૧૩(૧૨) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૩ હેઠળ પ્રાપ્ત અધિકારો મુજબ નીચેના કોષ્ટકમાં જણાવેલી તારીખે લાગુ પડતી કોલમમાં દર્શાવેલા દેવાદારોને ડીમાન્ડ નોટીસ પાઠવી બાકી લેણી રકમ કથિત નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવાયું હતું.

(દેવાદારો/જામીનદારો/ગીરોદારો) કથિત બાકી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી તેમને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવાનું કે નીચે સહી કરનારે તેમને સરફાયેસી એક્ટના ખંડ ૧૩(૪) અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૮ મુજબ પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરી નીચેની કોલમમાં જણાવેલી તારીખે મિલકતોનો કબજો લીધો છે.

(દેવાદારો/જામીનદારો/ગીરોદારો)ને ખાસ તથા જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલી મિલકતો પર મે. ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ નો કબજો હોવાથી એનો કોઈ પણ પ્રકારે સોદો થઈ શકશે નહીં કેમકે એની સામે ખાતાની સામે દર્શાવેલી રકમનું લેણું બાકી છે.જે આ મુજબ છે. .આથી દેવાદાર(રો)નું ધ્યાન ખેંચવામાં આવે છે કે એક્ટની સેકશન ૧૩ના સબસેકશન(૮) મુજબની સમયમર્યાદામાં ગિરો મિલકત છોડાવી શકશે.

દેવાદાર(રો)/ જામીનદાર(રો)ના નામ	ગીરો મિલકત/સ્થાવર મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ
શાખા : ઉધના **લોન ખાતા નં.** **EMFUDANA0007636** **દેવાદારોઃ** **૧. શ્રી કલ્પેશ રેડ્ડી** **૨. શ્રીમતી અનિતા રેડ્ડી**	**મિલકત નં.૧ :** અરજદારઃ કલ્પેશ રેડ્ડી, સહ-અરજદાર ૧, અનિતા રેડ્ડી, તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ખુલ્લો પ્લોટ નં.૪૮/એ, ક્ષેત્રફળ ૪૩૯.૪૩૮ ચો.ફૂટ અથવા ૪૦.૮૪ ચો.મી.ની સાથે સુચિત ૨૪.૫૦ ચો.મી. બિલ્ટઅપ એરિયા બાંધકામ વિસ્તાર અને ૭.૦૦ ચો.મી. અવિભાજિત જમીનનો ભાગ 'અનુરાગ રેસીડેન્સી' બિનખેતી જમીન રે.સ.નં.૨૫૪ અને ૨૫૪/૧, બ્લોક/રે.સ.નં. ૨૯૩ અને ૨૯૪, મોજે ગામ જોલવા,,તા. પલસાણા,જિ.સુરત **ચતુઃસીમાઃ** ઉત્તરેઃ પ્લોટ નં.૪૯,દક્ષિણે : પ્લોટ નં.૪૮, પૂર્વે : રોડ, પશ્ચિમે : ગલી ક્ષેત્રફળ ૪૩૯.૪૩૮ ચો.ફૂટ અથવા ૪૦.૮૪ ચો.મી. ની સાથે ૨૪.૫૦ ચો.મી. બિલ્ટઅપ એરિયા બાંધકામ વિસ્તાર અને ૭.૦૦ ચો.મી. અવિભાજિત જમીનનો ભાગ સબ-રજિસ્ટ્રેશન જિ.સુરત પેટા જિ.પલસાણાની હદમાં આવેલી મિલકત.	22-04-2022 & Rs. 7,06,039/-	26-07-2022
શાખા : ઉધના **લોન ખાતા નં.** **SEUDANA0220712** **દેવાદારોઃ** **૧. શ્રી કાયસ્થ સુરેશભાઈ મગનલાલ** **૨. શ્રીમતી કાયસ્થ પિંકીબેન સુરેશભાઈ**	**મિલકત નં.૧ :** તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં.૫૦/૩૬૫(એસએફ), ક્ષેત્રફળ ૪૫૪ ચો.ફૂટ અથવા ૪૨.૧૮ ચો.મી. બીજે માળે '૩૬૦ એમટીજી' કોલોની ગુજરાત હાઉસિંગ બોર્ડ બિનખેતી જમીન રે.સ.નં.૧૬૮/પી/૧૭૦/પી,૧૭૧/પી મોજે રાંદેર, પેટા જિ.સુરત સીટી જિ. સુરત. **ચતુઃસીમા :** ઉત્તરેઃ ખુલ્લી જગ્યા, દક્ષિણે : ફ્લેટ નં.૩૬૬, પૂર્વે : ખુલ્લી જગ્યા, પશ્ચિમે : ફ્લેટ નં. ૩૬૪, ક્ષેત્રફળ ૪૫૪ ચો.ફૂટ અથવા ૪૨.૧૮ ચો.મી. સબ રજિસ્ટ્રેશન જિ.સુરત અને રજિસ્ટ્રેશન જિ.સુરત ની હદમાં	22-04-2022 & Rs. 12,51,926/-	26-07-2022

સ્થળ : ચેન્નાઈ **અધિકૃત અધિકારી**

તારીખ : ૨૬-૦૭-૨૦૨૨ **ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**

સુરેન્દ્રનગરમાં બોરવેલમાં ૬૦ ફૂટ નીચે ફસાયેલી બાળકી મનીષાને હેમખેમ ઉગારી લેવામાં આવી

સુરેન્દ્ર નગર તા.૨૯

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવ ખાતે આજે સવારે સાડા સાત વાગ્યાના સુમારે 12 વર્ષની આદિવાસી બાળકી મનીષા ખેતરમાં કામ કરતી વખતે 700થી 800 ફૂટ ઊંડા બોરમાં 60થી 70 ફૂટે ફસાઇ ગઇ હતી. બાદમાં ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી એમ.પી.પટેલ અને મામલતદાર શોભનાબેનના માર્ગદર્શન નીચે ધ્રાંગધ્રા પોલીસ અને આર્મીના જવાનો અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આ બોરમાં ઓક્સિજનની સુવિધા સાથે એને બચાવવા દિલધડક રેસ્ક્યું ઓપરેશન હાથ ધરી બાળકીને બચાવી લેવામાં આવી હતી. 108ના સ્ટાફ દ્વારા બાળકી સાથે સતત વાતચીત ચાલુ રાખવામાં આવી હતી.

ગાજણવાવમાં બોરમાં 70 ફૂટે ફસાયેલી 12 વર્ષની આદિવાસી બાળકી મનીષાને બહારથી આરોગ્ય વિભાગની નર્સ દ્વારા જ્યારે માઇક વડે પુછવામાં



આવ્યું કે, મનીષા, તને અંદર શું થાય છે ? શ્વાસ લેવાય છે ? તો અંદરથી બાળકી મનીષા દબાયેલા સ્વરે બોલી કે, મને માથુ દુ:ખે છે, શ્વાસ તો લેવાય છે, પણ અંદર ગભરામણ થાય છે, મને જલ્દી બહાર કાઢો.


જ્યારે 3 કલાકના મેરોથોન રેસ્ક્યુ બાદ એને બહાર કાઢવામાં આવી ત્યારે એના માતા-પિતા બાળકીને હેમખેમ જોઇને ચોંધાર આંસુએ રડી પડ્યા હતા. બાદમાં મીડિયા સાથેની વાતચીતમાં ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી એમ.પી.પટેલે જણાવ્યું કે, સવારે ધ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવ ખાતે એક બાળકી બોરમાં ફસાઇ હોવાનો સરપંચ અને તલાટીનો મેસેજ આવતા સરકારી તંત્ર, પોલીસ અને આર્મીના જવાનો દ્વારા ત્રણ કલાકના રેસ્ક્યૂ ઓપરેશન બાદ એને હેમખેમ બહાર કાઢી હાલ ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી આપવામાં આવી છે.

ધ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવ ગામે ૧૨ વર્ષની આદિવાસી બાળા ખેતરમાં ૮૦૦ ફૂટ ઊંડા બોરમાં પડી જતાં ૬૦ ફૂટે ફસાઈ ગઈ હતી, પોલીસ અને આર્મીના જવાનો દ્વારા મનીષાને મહામહેનતે બહાર કાઢવામાં આવી

ગુજરાતમાં પ્રથમ વખત શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવનો અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં પ્રથમ વખત યોજાયેલ શહેરી વિકાસ રાષ્ટ્રીય કોન્કલેવનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવતા જણાવ્યું કે, શહેરી વિકાસ રાષ્ટ્રીય



કોન્કલેવ શહેરી સુખાકારીનો અમૃત કાળ સાબિત થશે. અમદાવાદ શહેરના રીવરફ્રંટ ખાતે યોજાયેલ આ કોન્કલેવમાં મુખ્યમંત્રીએ સાબરમતી રીવરફ્રંટને વિશ્વ સ્તરીય માળખાગત સુવિધાનું શ્રેષ્ઠ નજરાણું ગણાવીને રીવરફ્રંટના ડેવલપમેન્ટને પોલોટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, દેશને 5 ટ્રીલીયન ઇકોનોમી બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનને સિદ્ધ કરવા શહેરી ઇકોનોમીનો વિકાસ નગરો અને શહેરોનો વિકાસ દેશ માટે રોલ મોડલ બન્યો છે. જેના પરિણામે વર્લ્ડ ક્લાસ સ્માર્ટ અને સસ્ટેનેબલ સીટીનો એક નવો યુગ નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં શરૂ થયો છે.

અમદાવાદ રીવરફ્રન્ટનું ડેવલેપમેન્ટ પોલીટીકલ વીલનું શ્રેષ્ઠ ઉદાહરણઃ મુખ્યમંત્રી

અતિઆવશ્યક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પડકારોને તકોમાં પરિવર્તિત કરવાની શૈલી વિકસાવી છે. 20 વર્ષ પહેલા ગુજરાતના સાશનની ધુરા સંભાળી ત્યારે શહેરોની સુવિધાઓ મર્યાદિત હતી. નરેન્દ્ર મોદીના અથાગ પરિશ્રમ અને દૂરંદેશીતાના પરિણામે આજે સ્માર્ટ સીટી અને ગુડ ગવર્નન્સની પરિપાટીએ ગુજરાતના તેમણે કહ્યું કે વિશ્વ ફાસ્ટ્ટ્રેક વિકાસની ગતિ તરફ આગળ વધી રહ્યું છે અને નાગરિક કેન્દ્રી સુવિધા અને ઓનલાઈન સુવિધાઓના સમન્વય થી આજે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થઇ રહ્યો છે.

વડોદરામાં કોલેજીયન યુવતીને લગ્નની લાલચે ૬ માસ સુધી બળાત્કાર કરતો બિલ્ડર

વડોદરાઃ વડોદરામાં યુવતીને છેલ્લા 6 માસ કરતા વધુ સમયથી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર યુવાન સામે જે.પી. રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. યુવતીની જિંદગી બરબાદ કરનાર યુવાન કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને તે જાણીતા બિલ્ડર ગૃપનો ભાગીદાર હોવાનું જાણવા મળ્યું છે. જે.પી. પોલીસે પીડિતાના પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવે શહેરની બિલ્ડર લોબીમાં ચકચાર જગાવી મૂકી છે. એસીપી રાજગોરે જણાવ્યું હતું કે, પીડિતાને પિતાએ નવલ ઠક્કરને વોર્નિંગ આપી હતી. તેમના ઘરમાંથી ખરાબ ફોટો અને મા-બાપ વિરૂદ્ધનો પત્ર મળ્યો હતો. પીડિતા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. આરોપી કન્સ્ટ્રકશન વ્યવસાયમાં સંકળાયેલો છે અને ભાગી છૂટ્યો છે. આરોપી નવલ ઠક્કર કાન્હા સાઇટ સાથે સંકળાયેલો છે અને પરણિત છે.

ગાંધીનગરની નર્મદા કેનાલમાં વકીલે પડતું મુકી જીવન ટૂંકાવ્યું

ગાંધીનગરઃ ગાંધીનગરની નભોઈ નર્મદા કેનાલમાં અમદાવાદના અપરણિત વકીલે પડતું મૂકીને જીવન ટૂંકાવી લીધું છે. કેનાલ પાસે વકીલનું બાઈક અને મોબાઈલ ફોન બિનવારસી હાલતમાં મળી આવતાં પરિવારે તરવૈયાની મદદથી મૃતકની લાશ બહાર કઢાવી હતી. આ મામલે ઈન્ફોસિટી પોલીસની પ્રાથમિક તપાસમાં યુવાન બીમારીના કારણે ડિપ્રેશનમાં રહેતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ અમદાવાદના કુબેરનગરમાં રહેતા 33 વર્ષીય એડવોકેટ વિનોદ કનુભાઈ મકવાણા પરમ દિવસે ઘરેથી નીકળી ગયા હતા. જે મોડે સુધી ઘરે પરત નહીં આવતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. એ દરમ્યાન નભોઈ નર્મદા કેનાલ પાસે બાઈક અને મોબાઈલ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું. જેની જાણ થતાં ઈન્ફોસિટી પોલીસ મથકના એએસઆઈ દશરથ પરમાર સ્ટાફના માણસો સાથે કેનાલ પર પહોંચી ગયા હતા. ત્યારે બાઈક અને મોબાઈલની તપાસ કરતાં એડવોકેટનાં પરિવારજનો પણ કેનાલ પર દોડી આવ્યા હતા.

સરલા પર્ફોર્મન્સ ફાઈબર્સ લિમિટેડ

SARLA PERFORMANCE FIBERS

CIN : L31909DN1993PLC000056

રજિ.ઓફિસ : સર્વે નં.૫૯/૧/૪,આમલી પીપરીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,સિલવાસા - ૩૯૬ ૨૩૦ (કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી) ટે.નં.૦૨૬૦-૩૨૯૦૪૬૭,ફેક્સ : ૦૨૬૦-૨૬૩૧૩૫૬, ઈ-મેઈલ : investors@sarlafibers.com વેબ સાઈટ : www.sarlafibers.com

ઓડિટ નહીં થયેલા આર્થિક પરિણામોના અંશ(એકલ અને એકીકૃત) ત્રિમાસિક ગાળા અને ૩૦મી જુન,૨૦૨૨ સુધીનો

(₹in lakhs)

અ. નં.	વિગતો	એકલ				સંકલિત			
		ત્રિમાસિક ગાળા			વર્ષ માટેના	ત્રિમાસિક ગાળા			વર્ષ માટેના
		30/06/2022	31/03/2022	30/06/2021	31/03/2022	30/06/2022	31/03/2022	30/06/2021	31/03/2022
		ઓડિટ થયા વિનાના	ઓડિટ થયેલા	ઓડિટ થયા વિનાના	ઓડિટ થયેલા	ઓડિટ થયા વિનાના	ઓડિટ થયેલા	ઓડિટ થયા વિનાના	ઓડિટ થયેલા
1	સંચાલનથી થયેલી કુલ આવક	11,734.12	12,005.59	8,478.10	42,354.15	11,765.93	12,004.05	8,618.45	42,571.85
2	ચોખ્ખો નફો/(ખોટ) સમયગાળા માટે (ટેક્ષ પહેલા,અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો)	1,493.28	1,344.70	1,694.86	7,070.42	1,344.05	1,179.13	1,628.71	6,536.06
3	ચોખ્ખો નફો/ (ખોટ)સમયગાળા માટે (ટેક્ષ પહેલા,અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો)	1,493.28	1,344.70	1,694.86	7,070.42	1,344.05	1,179.13	1,628.71	6,536.06
4	ચોખ્ખો નફો/(ખોટ) ટેક્ષ બાદના સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો)	1,112.79	1,013.07	1,261.44	5,274.72	963.56	842.45	1,195.54	4,735.31
5	કુલ વ્યાપક આવક સમયગાળા માટે નફા અને નુકસાન સાથેની (ટેક્ષ પછી અને અન્ય વ્યાપક આવક (ટેક્ષ પછી)	1,112.38	990.05	1,271.22	5,273.09	948.74	870.41	1,240.87	4,814.49
6	ઈક્વિટી શેર મુડી (રૂ.૧/- પ્રતિ શેર ફેસ વેલ્યુ મુજબ)	835.03	835.03	835.03	835.03	835.03	835.03	835.03	835.03
7	અનામત (પૂનઃમૂલ્યાંકન અનામત સિવાય) અગાઉના વર્ષની ઓડિટેડ બેલેન્સશીટમાં દર્શાવ્યા મુજબ	-	-	-	41,023.17	-	-	-	38,433.13
8	પ્રતિ શેર (રૂ.૧ નો એક મુજબ)(વાર્ષિક ગણતરી વિના) મૂળ અને પ્રવાહિત								
	- અસામાન્ય સંજોગો વિના	1.33	1.21	1.51	6.32	1.15	1.02	1.43	5.67
	- અસામાન્ય સંજોગોમાં	1.33	1.21	1.51	6.32	1.15	1.02	1.43	5.67

નોંધ :

૧. ૩૦મી જુન,૨૦૨૨ના રોજ પુરા થતા વર્ષના કંપનીના ઉપર જણાવેલા ઓડિટ થયેલા આર્થિક પરીણામો (એકલ અને એકીકૃત)ની ઓડિટ કમિટીએ સમીક્ષા કરીને ૨૯મી જુલાઈ,૨૦૨૨ના રોજ બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મળેલી જુદી જુદી બેઠકોમાં આ પરણિમોની મર્યાદિત સમિક્ષા કરી હતી.

૨. ઉપરોક્ત આર્થિક પરીણામો રેગ્યુલેશન ૩૩ સેબી(લિસ્ટીંગ એન્ડ અધર ડીસ્પોઝલ રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ની જોગવાઈ મુજબ જુદા જુદા સ્ટોક એક્ષચેન્જમાં રજુ કરવા માટે તૈયાર કરવામાં આવેલા ત્રિમાસિક ગાળાના સંપૂર્ણ પરીણામોનો ટૂંકસાર છે.આ પરીણામો સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ BSE: http://www.bseindia.com& NSE : http://nseindia.com અને સરલા પરફોર્મન્સ ફાઈબર્સ લિમિટેડની વેબસાઈટ (http://www.sarlafibers.com)

૩. આ પરીણામો કંપનીઝ (ઈન્ડિયન એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડસ) રૂલ્સ,૨૦૧૫ને અનુરૂપ અને કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૧૩૩ મુજબના છે અને અન્ય માન્ય એકાઉન્ટીંગ પ્રસક્રયાઓ અને પોલીસીને શક્ય એટલી લાગુ પાડીને તૈયાર કરાયા છે.

વતિ સરલા પરફોર્મન્સ ફાઈબર્સ લિમિટેડ

સહી/

સ્થળ : મુંબઈ **ક્રિષ્ના એમ.ઝુનઝુનવાલા**

તા. ૨૯મી જુલાઈ,૨૦૨૨ **મેનેજિંગ ડાયરેક્ટર**

DIN:00097175

આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

ADITYA BIRLA CAPITAL

રજિસ્ટર્ડ ઓફિસ : ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ,વેરાવળ,ગુજરાત - ૩૬૨૨૬૬

બ્રાન્ચ ઓફિસ - જી કોર્પોરેશન ટેક પાર્ક, કાસરવડાવલી, ઘોડબંદર રોડ, થાણે - ૪૦૦૬૦૭ (એમએચ)

ડીમાન્ડ નોટીસ

(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ (૧) અંતર્ગત) સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકરશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ ના ખંડ ૧૩(૨) મુજબ વૈકલ્પિક સેવા દ્વારા નોટીસ

આથી નીચે જણાવેલ દેવાદારોએ **આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એબીએચએફએલ)** પાસેથી લોન સુવિધા મેળવી હતી, તેઓ લોનની ફેરચુકવણી કરવામાં નિષ્ફળ જતા તેમના ખાતા આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ કંપનીના ચોપડામાં **નોન પરફોર્મિંગ એસેટસ** જાહેર કરવામાં આવ્યા છે ત્યાર બાદ એબીએચએફએલ એ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકરશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના ખંડ ૧૩(૨)અને સરફાયેસી એક્ટ મુજબ તેમના છેલ્લા જાણીતા સરનામા પર ડીમાન્ડ નોટીસો મોકલી તેમને સંપૂર્ણ **બાકી રહેતી રકમની** સાથે કરાર મુજબનું વ્યાજ, આકસ્મિક ખર્ચાઓ તેમજ બોજ સહિતની રકમ ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું. તેમને ફરીથી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ (સરફાયેસી રૂલ્સ) ના રૂલ ૩ મુજબ આ નોટીસ જાહેરમાં પ્રકાશિત કરવામાં આવે છે.

અ. નં.	દેવાદાર/સહદેવાદાર અને જામીનદાર/સહજામીનદારોના નામ તથા ખાતા નંબર	એનપીએની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખ	ડીમાન્ડ નોટીસની તારીખે લેણી નીકળતી રકમ
1	**૧. આશુરામ રબારી,** પ્લોટ નં.૧૮૫, આરાધના પ્લેટીનમ વિભાગ-૨, રેવન્યુ સર્વે નં. ૪૭૧, બ્લોક નં. ૪૬૩, પેપર મીલની સામે, ગંગાધરા રેલવે સ્ટેશન પાસે, ઉમરખ, બારડોલી, સુરત, ગુજરાત ૩૯૪૬૦૧. **૨. સુકીદેવી આશુરામ રબારી,** પ્લોટ નં. ૧૮૫, આરાધના પ્લેટીનમ વિભાગ-૨, રેવન્યુ સર્વે નં. ૪૭૧, બ્લોક નં. ૪૬૩, પેપર મીલની સામે, ગંગાધરા રેલવે સ્ટેશન પાસે, ઉમરખ, બારડોલી, સુરત, ગુજરાત ૩૯૪૬૦૧. **૩.રામ રબારી,** ૭૩, ગ્રાઉન્ડ ફ્લોર, સિધ્ધેશ્વર સોસાયટી, ભૈયા નગર, પૂણા ગામ, શુભ પ્લાઝાની સામે, ભૈયાનગર, પૂણાગામ, સુરત સીટી, બોમ્બેમાર્કેટ, સુરત, ગુજરાત ૩૯૫૦૧૦.**૪. સુકી દેવી આશુરામ રબારી,** ૭૩, ગ્રાઉન્ડ ફ્લોર, સિધ્ધેશ્વર સોસાયટી, ભૈયા નગર, પૂણા ગામ, શુભ પ્લાઝાની સામે, ભૈયાનગર, પૂણાગામ, સુરત સીટી, બોમ્બેમાર્કેટ, સુરત, ગુજરાત ૩૯૫૦૧૦. **૫.આશુરામ રબારી,** આશુરામ રબારી, ૭૩, ગ્રાઉન્ડ ફ્લોર, સિધ્ધેશ્વર સોસાયટી, ભૈયાન નગર, પૂણા ગામ, સુરત ૩૯૫૦૧૦. **લોન ખાતા નંબર.** LNSUR0HL-05180006875 અને LNSUR0HL-05180006876	10.07.2022	22-07-2022	Rs. 8,48,400.8/- (રૂપિયા આઠ લાખ અડતાલીસ હજાર ચારસો અને આઠ પૈસા પુરા) મૂળ રકમ વત્તા ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિતની રકમ
	સ્થાવર મિલકતનું વર્ણન /ગીરવે મુકવામાં આવેલી મિલકતઃ તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત પ્લોટ નં. ૧૮૫, ક્ષેત્રફળ ૪૮ ચો.વાર અથવા ૪૦.૧૮ ચો.મી.ની સાથે ૨૪.૬૮ ચો.મી.આરાધના પ્લેટીનમ ભાગ-૨ના રોડ અને સીઓપીની અવિભાજીત જમીનનો ભાગ, રે.સર્વે નં. ૪૭૧, બ્લોક નં. ૪૬૩, ક્ષેત્રફળ ૧-૬૦-૮૬ ચો.મી. અથવા ૧૬૦૮૬ ચો.મી. મોજે ગામ ઉમરખ,તા.બારડોલી, જી.સુરત **ચતુઃસીમા : પૂર્વે :** પ્લોટ નં. ૧૭૬, **પશ્ચિમે :** સોસાયટીનો આંતરીક રોડ, **ઉત્તરે :** પ્લોટ નં. ૧૮૪, **દક્ષિણે :** પ્લોટ નં. ૧૮૬			
2	**૧.સરયૈયા સિધ્ધરાજ સિંહ દિલાવરસિંહ,** ચોથા માળે, ફ્લેટ નં. ૪૦૧, ધર્મનંદન ટાઉનશીપ-૧, બિલ્ડીંગ નં. સી/૧, રે.સર્વે નં. ૧૦૪/૧+૨+૩, ૧૦૩/૪, ૧૨૧/૧, ૧૫૧/૧, ૧૧૯/૯, બ્લોક નં. ૧૮૯/બી, નિલકંઠ ટાઉનશીપ, સાયણ રેલવે ઓવર બ્રીજની પાસે, સાયણ કઠોર રોડ, સાયણ તા.ઓલપાડ, સુરત, ગુજરાત ૩૯૪૧૩૦. **૨. સરયૈયા રાધીકાબા સિધ્ધરાજસિંહ,** ચોથા માળે, ફ્લેટ નં. ૪૦૧, ધર્મનંદન ટાઉનશીપ-૧, બિલ્ડીંગ નં. સી/૧, રે.સર્વે નં. ૧૦૪/૧+૨+૩, ૧૦૩/૪, ૧૨૧/૧, ૧૫૧/૧, ૧૧૯/૯, બ્લોક નં. ૧૮૯/બી, નિલકંઠ ટાઉનશીપ, સાયણ રેલવે ઓવર બ્રીજની પાસે, સાયણ કઠોર રોડ, સાયણ તા.ઓલપાડ, સુરત, ગુજરાત ૩૯૪૧૩૦. **૩.સરયૈયા સિધ્ધરાજસિંહ દિલાવરસિંહ,** સી૧-૫૦૧, ધર્મનંદન ટાઉનશીપ, સાયણ સુરત, ગુજરાત ૩૯૪૧૩૦. **૪. સરયૈયા રાધીકાબા સિધ્ધરાજસિંહ,** સી૧-૫૦૧, ધર્મનંદન ટાઉનશીપ, સાયણ સુરત, ગુજરાત ૩૯૪૧૩૦. **૫.સરયૈયા સિધ્ધરાજસિંહ દિલાવરસિંહ,** દ્વારા ગુરૂકૃપા ટ્રાવેલ્સ બી-એસએમએલ શોપીંગ સેન્ટર, લક્ઝરીબસ, એરેન્જમેન્ટ, સહારા દરવાજા, સુરત, ગુજરાત ૩૯૫૦૦૨. લોન ખાતા નં. LNSUR0HL-06210091451 અને LNSUR0HL-06210091452	10-07-2022	22-07-2022	Rs. 4,88,250/- (રૂપિયા ચાર લાખ અઠયાંસી હજાર બસો પચાસ પુરા) મૂળ રકમ વત્તા ચડત વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિતની રકમ
	સ્થાવર મિલકતનું વર્ણન /ગીરવે મુકવામાં આવેલી મિલકતઃ તમામ ખંડ કે અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં. ૪૦૪, ક્ષેત્રફળ આશરે સુપર બિલ્ટ અપ એરીયા ૫૮૫ ચો.ફૂ. અથવા ૫૪.૩૫ ચો.મી., બિલ્ટ અપ એરીયા આશરે ૩૮૬.૨૬ ચો.ફૂ. અથવા ૩૫.૮૮ ચો.મી. ૪થા માળની સાથે ૨૭.૫૨ ચો.મી. ધર્મનંદન ટાઉનશીપ-૧ બિલ્ડીંગ નં. સીની નીચેની અવિભાજીત જમીનનો ભાગ. નિલકંઠ ટાઉનશીપ-એ ની સામે,સાયણ રેલવે ઓવરબ્રીજની પાસે, સાયણ-કઠોર રોડ,સુરત-૩૯૪૧૩૦. **ચતુઃસીમા : પૂર્વે :** પેસેજ, **પશ્ચિમે :** લાગુ પ્રોપર્ટી, **ઉત્તરે :** સોસાટીનો રોડ, **દક્ષિણે :** ફ્લેટ નં. ૪૦૩.			

આથી ઉપર જણાવેલા દેવાદારોને આ નોટીસ પ્રકાશિત થયાના દિવસ ૬૦માં બાકી લેણી રકમ વત્તા ચડત વ્યાજ તથા કિંમત, ખર્ચ, ચાર્જિસ વગેરે સાથેની રકમ ચુકવી દેવા જણાવવામાં આવે છે. તેમ કરવામાં નિષ્ફળ જશો તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ સહિતના મિલકતનો કબજો લેવાની અને એનું વેચાણ કરવાની ફરજ પડશે જે સંજોગો તમારા હિસાબે અને જોખમે હશે.

કૃપયા નોંધ લેશો કે સરફાયેસી એક્ટના ખંડ ૧૩ (૧૩) મુજબ તમે કથિત મિલકતનું વેચાણ,લીઝ કે અન્ય કોઈપણ રીતે હસ્તાંતરણ કંપનીની આગોતરી લેખીત મંજુરી વિના કરી શકશો નહીં.જો ઉપરોક્ત જોગવાઈનો ભંગ તમારા તરફથી થશે તો સરફાયેસી એક્ટના ખંડ ૨૯ અને /અથવા અન્ય કાનૂની જોગવાઈ મુજબ તમે દંડને પાત્ર બનશો.

કૃપયા નોંધ લેશો કે એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮) ની જોગવાઈ મુજબ જો તમે એબીએચએફએલને બાકી લેણી રકમ વત્તા તમામ ખર્ચ, કિંમત અને એબીએચએફએલ દ્વારા કરવામાં આવેલ ખર્ચની પુરેપુરી ચુકવણી મિલકતના વેચાણ કે તબદીલી માટેની તારીખ નક્કી થતા પહેલા કરી દેવામાં આવશે તો મિલકતનું વેચાણ કે હસ્તાંતરણ અટકાવી દેવામાં આવશે અને એબીએચએફએલ આગળની કાર્યવાહી ગીરો મિલકતવિશેની નહીં કરે.

તારીખ : ૩૦.૦૭.૨૦૨૨ **સહી/અધિકૃતઅધિકારી**

સ્થળ : સુરત **(આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)**

ઇંડિયન બૈંક Indian Bank — ઇલાહાબાદ ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ ૩૦/૦૮/૨૦૨૨ ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિંમત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/જામીનદારો/મોર્ગેજરો ના નામ	કુલ બાકી (ડિમાન્ડ નોટીસ મુજબ તેમજ ડિમાન્ડ નોટીસ બાદ જમા કરાવેલ રકમ બાદ કરતા)	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત ઈએમડી (રૂ.માં)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	સલાબતપુરા	(૧) શ્રીમતી ગીતા ઘનશ્યામભાઈ દેત્રોજા(કરજદાર) અને (૨) શ્રી ઘનશ્યામભાઈ રામજીભાઈ દેત્રોજા (સહ-કરજદાર)	રૂ.૩૬,૯૧,૧૭૨/-	૦૪/૦૭/૨૦૨૧	તમામ ભાગ તથા હિસ્સા ધરાવતી સ્થાયી ફ્રી હોલ્ડ રહેણાંક મિલકત જે પ્લોટ નં.૧૮ માપ ૭૦.૯૧ ચો.મીટર્સ જેની સાથે ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળનું બાંધકામ માપ ૭૦.૯૧ ચો. મીટર્સ જે ''સમૃધ્ધિ પાર્ક''માં જેની સાથે જમીનમા રસ્તામાં વણ વહેંચાયેલ હિસ્સાનું માપ ૨૪.૮૦ ચો.મીટર્સ અને સીઓપી માં વણ વહેંચાયેલ હિસ્સાનું માપ ૧૦.૮૨ ચો.મીટર્સ કુલ માપ ૧૦૬.૫૩ ચો.મીટર્સ સહિત બાંધકામ સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૪૫૮ અને ૫૯૬,બ્લોક નં.૪૨૮/બી, માપ ૧૮૨૦૪.૦૦ ચો.મીટર્સ જે ગામઃ કામરેજ, તાલુકાઃકામરેજ, જી. સુરત સ્થિત છે. આ મિલકતની ચતુઃદિશાઃ ઉત્તરેઃ આંતરિક રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં.૧૯, પૂર્વેઃ આંતરિક રસ્તો, પશ્ચિમેઃ પ્લોટ નં.૧૭.	સાંકેતિક	અનામન કિંમત 19,00,000/- ઈએમડી 1,90,000/-	IDIB0213062107	શ્રી મુનેન્દ્ર સિંઘ મો. નં. 9557259709
૨.	સલાબતપુરા	(૧) મેસર્સ કાનન ફેબ્રીક (ભાગીદારી પેઢી અને કરજદાર), (૨) શ્રી રમેશભાઈ મનજીભાઈ પટેલ (ભાગીદાર અને જામીનદાર), (૩) શ્રી ચંદ્રેશભાઈ મનજીભાઈ ઈટાલિયા (ભાગીદાર,જામીનદાર અને મોર્ગેજર), (૪) શ્રી જનકભાઈ ડાયાભાઈ કાકડીયા (ભાગીદાર અને જામીનદાર), (૫) શ્રી અશોકભાઈ મનજીભાઈ ઈટાલિયા (જામીનદાર અને મોર્ગેજર)	રૂ.૨,૬૫,૫૭,૧૯૨/-	૨૯/૦૧/૨૦૨૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે સ્થિત પ્લોટ નં. ૧૪, ''ગુરૂકૃપા સોસાયટી'' આદર્શ સોસાયટી પાછળ, લક્ષ્મીકાંત આશ્રમ પાસે, રે.સ. નં. ૧૬૫/૩, ટી.પી.એસ. નં. ૧૯ (કતારગામ), ફા.પ્લોટ. નં. ૩૭, મોજે. કતારગામ, સબ જીઃ સુરત, જીલ્લોઃ સુરત જે શ્રી ચંદ્રેશભાઈ મનજીભાઈ ઈટાલિયા અને શ્રી અશોકભાઈ મનજીભાઈ ઈટાલિયા ના નામની આ મિલકતની ચતુઃદિશા : ઉત્તરે : પ્લોટ નં. ૧૫, દક્ષિણે : સી.ઓ.પી., પૂર્વે : પ્લોટ નં. ૧૩ અને રસ્તો, પશ્ચિમે : ફા.પ્લોટ. નં. ૩૬.	પ્રત્યક્ષ	અનામન કિંમત 2,34,28,000/- ઈએમડી 23,42,800/-	IDIB0214522926	

બીડ વધારવાની કિંમત રૂ.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૩૦/૦૮/૨૦૨૨ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૨/૦૮/૨૦૨૨ થી ૨૩/૦૮/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન

ઈ-ઓકશનની તારીખ અને સમય : ૩૦/૦૮/૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (www.mstcecommerce.com) of our e auction service provider MSTC Ltd to participate in online bid. For Technical Assistance Please call MSTC HELPDESK No. 033-22901004 and other help line numbers available in service providers help desk. For Registration status with MSTC Ltd, please contact ibapiop@mstcecommerce.com and for EMD status please contact : ibapifin@mstcecommerce.com. For property details and photograph of the property and auction terms and conditions please visit: https://ibapi.in and for clarifications related to this portal, please contact help line number '18001025026' and '011-41106131'. Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://ibapi.in and www.mstcecommerce.com.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ

(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

તારીખઃ ૩૦/૦૭/૨૦૨૨, **અધિકૃત અધિકારી,**

સ્થળઃ સુરત. **ઈંડિયન બેંક.**